હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૭૨૫, વર્ષ : ૩૧

અંક : ૨૩ ડીસેમ્બર–૦૧, ૨૦૧૮

# ઉદીચ્ય

HNGU
HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN

Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

"ઉપનિષદોનું રહસ્ય એક જ છે. છતાં જુદાં જુદાં બિંદુઓથી વાતને ઉપાડીને તે રહસ્ય નિરૂપાય છે. આ તેની વૈવિધ્યભરી નવીનતાથી તે જુદાં પડે છે અને તેથી કયું કેવું છે એની તુલના કરવા જેવું મનમાં ઊઠે છે. કેન એ રીતે જોતાં કોઈ બહુશ્રૂત પ્રશ્નમાં નથી પડતું. 'આ બધું કોણ ચલાવે છે ?' એ સાદો પ્રશ્ન જ તે ઉપાડે છે અને તે મુજબ જ તેનું નામ પણ પડ્યું છે. એ પ્રશ્નનો જવાબ આપવામાં આ ઉપનિષદે આખર કરી છે. તેનો જવાબ આપવાની સાથે તે જવાબને પામવા માટેની કૂંચી પણ તે કહી દે છે – તે કૂંચી તપ, દમ અને કર્મ છે અને જીવનમાં મોટી આફત જો કોઈ હોય તો તે જવાબ ન પામવો – તેને માટે ન મથવું, એ છે એમ પણ કહે છે. આમ, એક જ સાદો પણ અતિ ઊંડો પ્રશ્ન લેવા છતાં, જીવનના કોયડાની પૂરી મીમાંસા અતિ સૂત્રાત્મક ભાષામાં આ ઉપનિષદ કરે છે, એ એની સુંદરતા અને મધુરતાનું મોટું કારણ છે."

કેનોપનિષદ, (મૂળ શ્લોક, પદાર્થ, અન્વય, અનુવાદ તથા વિવેચન સાથે)
સંપાદક-મગનભાઈ પ્રભુદાસ દેસાઈ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

'ઉદીચ્ય'ના અગાઉના અંકોમાં ઈશોપનિષદની મૂળ ભાવનાને સંક્ષિપ્તમાં સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આજના આ અંકમાં, તે જ ક્રમમાં કેનોપનિષદનો પરિચય મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

કેન એટલે કે કોના થકી ? કોના દ્વારા ? થી આ ઉપનિષદનો પ્રારંભ થતો હોઈ તેને કેન ઉપનિષદ કહેવામાં આવે છે. આ ઉપનિષદ સામવેદના નવલકાર બ્રાહ્મણનો નવમો અધ્યાય છે. માનવચિત્તમાં સદા ઉદ્‌ભવતો પ્રશ્ન છે કે આ બ્રહ્માંડમાં જે કંઈ બની રહ્યું છે તેનું ચાલક બળ કયું છે? કોના થકી આ બધું ચાલે છે ? તમામ અસ્તિત્વની ગતિવિધિનું પ્રેરકબળ કોણ છે ? આ પ્રશ્નના નિરાકરણ માટેનું દર્શન એટલે કેનોપનિષદ. આ ઉપનિષદ ચાર ખંડના ૩૪ શ્લોકોમાં વર્ણવાયેલ છે. દરેક ઉપનિષદની શરૂઆતમાં અને અંતમાં એક મંત્ર શાંતિપાઠ સ્વરૂપે યોજવાની પરંપરા આ ઉપનિષદમાં પણ જોવા મળે છે.

શાંતિપાઠ પછી પહેલા ખંડમાં શિષ્યનો બીજ પ્રશ્ન છે અને પછી આચાર્ય તેને બ્રહ્મનું સ્વરૂપ દર્શાવી ઉત્તર આપવાની શરૂઆત કરે છે. આ ખંડના કુલ આઠ શ્લોકો છે. બીજા ખંડમાં પરબ્રહ્મની અનિર્વચનીયતાને પ્રતિબોધવિદિત છે તે વિશે જણાવતાં ઋષિ જણાવે છે કે બ્રહ્મને ન ઓળખીએ તો મહાવિનાશ થાય. સાથે સાથે તે અમરતાની ચાવી બતાવે છે. માત્ર પાંચ મંત્રોમાં આ બાબત વણી લેવામાં આવી છે. ત્રીજા ખંડના બાર શ્લોકોમાં યક્ષ અથવા ઉમા–હૈમવતીની કથા થકી તમામ દેવો કરતાં બ્રહ્મ ચડીયાતું છે તે પૂરવાર થાય છે. છેલ્લા ચતુર્થ ખંડમાં નવ શ્લોકોમાં બ્રહ્મના આધિદૈવિક અને આધ્યાત્મિક સ્વરૂપની ચર્ચા કરવામાં આવી છે. આ ચર્ચા પછી છેલ્લે શાંતિપાઠથી આ ઉપનિષદ પૂર્ણ થાય છે.

ઉપનિષદનો પ્રારંભ, સાધન સંપન્ન શિષ્ય વિધિપૂર્વક બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે જઈને પોતે અભય કલ્યાણરૂપ અચળ તત્ત્વને જાણવા ઈચ્છા હોઈ, ગુરુને પૂછે છે :

ॐ केनेषितं पतति प्रेषितं मनः ।
केन प्राणः प्रथमः प्रैति युक्तः ।
केनेषितां वाचमिमां वदन्ति ।
चक्षु श्रोत्रं क उ देवो युनक्ति ॥१॥

પ્રથમ પ્રશ્ન : કોના દ્વારા સંચાલિત થઈને, પ્રેરિત થઈને, મન પોતાના વિષય ભણી ઢળે છે ?

બીજો પ્રશ્ન : કોના દ્વારા નિયુક્ત થઈને મુખ્ય પ્રાણ પોતાના શ્વાસોચ્છ્‌વાસ વગેરે કર્મ પ્રતિ જાય છે ?

ત્રીજો પ્રશ્ન : કોની પ્રેરણાથી પ્રેરાઈને આ વાણી બોલે છે ?

ચોથો પ્રશ્ન : કયો દેવ આંખ, કાન, નાક આદિ ઈન્દ્રિયોને નિયુક્ત કરે છે, પોતાના વિષયમાં પ્રેરે છે ?

આ પ્રશ્નોના નિરાકરણ કરતાં ઋષિ જણાવે છે કે, "જે કર્ણના કર્ણ છે, મનનું મન છે, જે વાણીની વાણી છે, પ્રાણના પ્રાણ છે અને આંખની આંખ છે તે બધાના પ્રેરક પરમાત્મા છે, તેને જાણીને જ્ઞાની પુરુષ, જીવનમુક્ત બનીને, આ લોક છોડીને ગયા પછી, અમરત્ત્વને પામે છે. ત્યાં સુધી આંખ (જ્ઞાનેન્દ્રિયો) પહોંચી શકતી નથી; ત્યાં વાણી (કર્મેન્દ્રિઓ) પહોંચી શકતી નથી અને મન (અંતઃકરણ) પણ પહોંચી શકતું નથી. આ બ્રહ્મતત્ત્વ મન–ઈન્દ્રિયોના પદાર્થોથી પર છે."

આ અંગે વિગતે સમજણ આપતાં ઋષિ જણાવે છે કે,

* જેને વાણી દ્વારા બોલી શકાય તેમ નથી પરંતુ જેના દ્વારા વાણી બોલાય છે, તે બ્રહ્મ છે, જેની લોકો ઉપાસના કરે છે, તે બ્રહ્મ નથી.
* જેને મન દ્વારા સમજી શકાય તેમ નથી પણ જેના દ્વારા મનને જાણી શકાય એમ કહેવાય છે, તેને તું બ્રહ્મ જાણ. લોકો જેની

ઉપાસના કરે છે તે સઘળાં બહારનાં સ્વરૂપો બ્રહ્મ નથી.

* જેને નેત્રો વડે જોઈ શકાતું નથી પણ જેના વડે આંખ જોઈ શકે છે તેને તું બ્રહ્મ જાણ. આંખ દ્વારા લોકો જેની ઉપાસના કરે છે તે બ્રહ્મ નથી.
* જેને કાન દ્વારા સાંભળી શકાય તેમ નથી. પણ જેના વડે કાન શ્રવણ કરે છે તેને તું બ્રહ્મ જાણ.
* પ્રાણ અથવા શ્વાસ વડે જે જીવતાં નથી પરંતુ જેના વડે સ્વયં પ્રાણ હલનચલન કરે છે તે જ તું બ્રહ્મ જાણ.

બ્રહ્મત્ત્વ સર્વ ક્રિયાનું મૂળ પ્રેરક તત્ત્વ છે. બ્રહ્મ સર્વનું કારણ છે, સર્વ કારણોનું આદિકારણ છે. આ બધું શાના થકી એ મૂળ સવાલનો ઉત્તર કેનોપનિષદ આપતાં જણાવે છે – ‘‘આ બધું બ્રહ્મ થકી’’ બ્રહ્મત્ત્વ કે બ્રહ્મ બધી જ ઈન્દ્રિયોનું મૂળ છે. તેની શક્તિથી મન, વાણી, ચક્ષુ કે પ્રાણ પોતપોતાના કાર્યોમાં પ્રવૃત્ત થાય છે. બ્રહ્મની શક્તિથી મન મનન કરવા સમર્થ બને છે. વાણી બ્રહ્મ શક્તિથી પ્રવૃત્તિમાન થઈ શકે પરંતુ તે બ્રહ્મને વર્ણવી શકે નહીં. ટૂંકમાં બ્રહ્મ એ મન, વાણી વગેરે ઈન્દ્રિઓથી પર છે.

કેનોપનિષદના બીજા ખંડમાં પાંચ શ્લોકોમાં ઋષિ બ્રહ્મની અનિદિર્વચનીયતા દર્શાવતાં જણાવે છે કે, હે શિષ્ય જો કોઈ કહે કે તે સારી રીતે બ્રહ્મ વિશે જાણે છે તો માનવું કે તે બહુ જ અલ્પ જાણે છે. જો કોઈ માને કે હું આ બ્રહ્મને સંપૂર્ણપણે જાણું છું તો તે અજ્ઞાની છે, કારણ બ્રહ્મ જ્ઞાનનો વિષય નથી. ‘બ્રહ્મને હું જાણું છું.’ એવો દાવો થઈ શકે નહીં, કારણ બ્રહ્મ અનિર્વચનીય, અને અજ્ઞેય છે. જેનામાં જાતિ, દ્રવ્ય, ગુણ કે ક્રિયા હોય તે જ્ઞાનનો વિષય બને. બ્રહ્મમાં નથી જાતિ કે બ્રહ્મ નથી દ્રવ્ય, નથી ગુણ કે ક્રિયા. બ્રહ્મમાં રૂપ ન હોવાથી તે પ્રત્યક્ષ થતું નથી અને તેમાં લિંગ વગેરેનો અભાવ હોવાથી તે અનુમાનનો વિષય પણ બનતું નથી. આથી તેને અનિર્વચનીય ગણાયું છે.

આ સંદર્ભે કઠોપનિષદમાં પણ કહેવાયું છે કે, ‘‘ઈન્દ્રિયો કરતાં તેમના વિષયો કે અર્થો મોટા છે; તેમના કરતાં મન મોટું છે; મન કરતાં બુદ્ધિ મોટી છે; બુદ્ધિથી મોટો મહાન પરમ એવો આત્મા છે.’’

શિષ્યની શંકાનું સમાધાન કરતાં ઋષિ જવાબ આપે છે :

૧. બ્રહ્મએ કે જે પ્રત્યેક બોધમાંથી પમાતું એકત્ત્વ છે;
૨. તે બ્રહ્મ જાણ્યે અમરતા મળે છે;
૩. આ માટે ચોક્કસ વિદ્યા છે જે વીર લોકો આત્માને જાણવા માટે મેળવે છે;
૪. એવી વીરતાની પ્રાપ્તિ વિના બ્રહ્મ પદાર્થ સમજવો અઘરો છે.
૫. ધીર વ્યક્તિ સર્વ ભૂતોમાં એક આત્માને જાણીને લોકથી ઉપર ઊઠી અમર થાય છે.

બ્રહ્મને આપણે ઓળખી શકીએ છીએ. પરંતુ કેવી રીતે ? આ પ્રશ્નના ઉત્તરમાં ઋષિ જણાવે છે – ‘‘બ્રહ્મ પ્રતિબોધ–વિદિત છે.’’ ‘પ્રતિબોધ’ એટલે કોઈપણ બોધ તેના પ્રત્યાઘાત કે પરિણામ રૂપે માનવ ચિત્તમાંથી (એટલે કે તેના મન, બુદ્ધિ, અહંકારમાંથી) જે સામેથી ભાવ જાગે, તે પ્રતિબોધ. એનો અર્થ એવો થાય કે ચિત્તમાં ઊઠતા બોધથી ‘પ્રતિબોધ’ જાગે, જેનાથી સ્થાયી એકતત્ત્વ જાણી શકાય તે બ્રહ્મ છે. આ જવાબથી સ્પષ્ટ થાય છે કે, લૌકિક નજરે જ્યાં બોધે બોધે જુદાઈ અને અલગતા દેખાય છે. ત્યાં બ્રહ્મવિદને બ્રહ્મની એક્તા દેખાય છે.

કેન ઉપનિષદના ત્રીજા અને ચોથા ખંડમાં ઉમાહૈમવતીની કથા આવે છે. દેવાસુર યુદ્ધમાં દેવોનો વિજય પરમાત્માની કૃપાથી થયો. પરંતુ દેવોમાં પોતાના લીધે વિજય થયો તેવું અભિમાન આવી ગયું. દેવોનું અભિમાન જાણીને બ્રહ્મ તેમની પાસે પ્રગટ થયું અને તે યક્ષના વિચિત્ર રૂપમાં પ્રગટ થયું. દેવોએ યક્ષના વિચિત્ર રૂપની જાણકારી મેળવવા પ્રથમ અગ્નિને મોકલ્યા. યક્ષરૂપી પરમાત્માએ અગ્નિને પરીચય આપવા જણાવતાં, અગ્નિએ કહ્યું, ‘‘હું અગ્નિ છું. પૃથ્વી પરની તમામ વસ્તુઓને હું બાળી શકું છું.’’ પરમાત્માએ તેની સામે એક તણખલુ મૂકી તેને બાળી નાખવા કહ્યું. અગ્નિદેવ પોતાના તમામ પ્રયત્નો છતાં એક તણખલાને બાળી શક્યા નહીં. તે જ રીતે વાયુદેવ પણ તણખલાને હલાવી શક્યા નહી. ત્યારબાદ બધા દેવોએ ઈન્દ્રને વિનંતી કરી ઈન્દ્રને જોતાંવેત પરમાત્મા અદૃશ્ય થઈ ગયા. તેમના સ્થાને ઈન્દ્રને એક અત્યંત સ્વરૂપવાન સ્ત્રી દેખાઈ. ઈન્દ્રે યક્ષ સંબંધી પ્રશ્ન પૂછતાં આ સ્વરૂપવાન સ્ત્રી કે જે હિમાલયની પુત્રી ઉમા હતી તેને જણાવ્યું કે યક્ષ અન્ય કોઈ નહીં પરંતુ સ્વયં પરમાત્મા હતા. તેમના કારણે જ દેવોનો વિજય થયો છે.

સમગ્ર કથા દ્વારા ઋષિ સમજાવે છે કે પરમાત્માની કૃપાથી જ સાધક પોતાનાં સ્વભાવનાં આસુરી તત્ત્વો પર વિજય મેળવે છે. પરંતુ ક્યારેક અહંકાર ઉત્પન્ન થવાથી તે પોતાનો વિજય માને છે. આ કથાથી ઋષિ જણાવે છે કે માણસ આ સંસારમાં પ્રભુકૃપા વિના એક તણખલું પણ હલાવી શકતો નથી. આ કથાના રૂપકથી સમજાવાયું છે કે દેવો દ્વારા બ્રહ્મજિજ્ઞાસા થઈ પરંતુ ઉકેલ ન મળ્યો. આનો ઉકેલ ઈન્દ્રને મળે છે. કારણ કે ઈન્દ્ર મનનો દેવ છે. તે ઈન્દ્રિયોનો રાજા મન છે. આ જગતમાં રહેલા પરમ સત્યને પામવા જો કોઈ ઈન્દ્રિય હોય તો તે મન છે. મનની શક્તિ જ અગ્નિ, વાયુ, તમામ ઈન્દ્રિય શક્તિઓનો આધાર છે. મનઃ શક્તિએ પરમ સત્ય નહી પણ પરમ સાધન છે. આથી ઉમાદેવીએ ઈન્દ્રને સમજાવ્યું કે, ‘‘આ બ્રહ્મ છે; વિજય તેનો છે, માટે તું તેનો મહિમા સમજ,’’ જગતમાં મહિમા તો બ્રહ્મનો છે, દેવોનો નહીં.

ચતુર્થ ખંડમાં શિષ્યની જિજ્ઞાસા પૂર્ણ કરતાં, ઉપસંહાર રૂપે ઋષિ જણાવે છે કે, બ્રહ્મ સ્વરૂપને જાણવા તપ, દમ અને કર્મ વગેરે છે. વેદો તેના સર્વ અંગો છે અને સત્ય તેનું સ્થાન છે. અથવા તપ, દમ, કર્મ, વેદ તથા વેદાંગ તેની પ્રતિષઠારૂપ છે, તેની પ્રાપ્તિના ઉપાય છે અને સત્ય તેનું આશ્રય કે નિવાસસ્થાન છે. નિશ્ચયપૂર્વક આ ઉપનિષદને જે આ પ્રકારે જાણે છે, તે પાપને ક્ષીણ કરીને અનન્ય અને મહાન સ્વર્ગલોકમાં પ્રતિષ્ઠિત થાય છે.’’

અંતે, કેનઉપનિષદનો શાંતિ પાઠ.

‘‘મારાં અંગો તૃપ્ત થાઓ. વાણી, પ્રાણ, આંખો, કાન, શક્તિ અને બધી જ ઈન્દ્રિયો પૃષ્ટ હો. ઉપનિષદમાં વર્ણવેલ આ સઘળું બ્રહ્મ છે. તે બ્રહ્મનો હું ત્યાગ ન કરું અને બ્રહ્મ મારો ત્યાગ ન કરો. ઉપનિષદમાં જે આત્મવિષયક ધર્મો છે તે મારામાં હો. ઓમ્ શાંતિ, શાંતિ, શાંતિ.

તા. ૦૧-૧૨-૨૦૧૮
પાટણ.

પ્રોફે. બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## ગ્રંથાલય











## હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિર








## મહિલા સશક્તિકરણ











## ગ્રંથાલય

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના શ્રી શિવાભાઇ ઉમેદભાઇ પટેલ ગ્રંથાલય દ્વારા પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે પુસ્તક પ્રદર્શનનું આયોજન કા. યુનિવર્સિટી લાઇબ્રેરીયન ડૉ. કનકબાળા જાની દ્વારા તા. ૨૮-૧૧-૨૦૧૮ થી ૩૦-૦૧-૨૦૧૯ દરમિયાન કરવામાં આવેલ છે. સદર પુસ્તક પ્રદર્શનનું ઉદ્‌ઘાટન માન.કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિના વરદ્‌હસ્તે તા. ૨૮-૧૧-૨૦૧૮ના રોજ કરવામાં આવેલ છે. આ પ્રસંગે કારોબારી સભ્યશ્રી ડૉ. ગીતાબેન પટેલ, વિવિધ વિભાગોના અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકો સર્વશ્રી ડૉ. શ્રેયાંસ ભટ્ટ, ડૉ. હેમલ પટેલ, ડૉ. તપસ ચક્રવર્તી, ડૉ. દર્શન વ્યાસ, કર્મચારી મિત્રો, પત્રકારમિત્રો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સદર પ્રદર્શનનો લાભ વિવિધ કોલેજોના આચાર્યશ્રીઓ, અધ્યાપકો, સંશોધકો, વિદ્યાર્થીઓ, પાટણના નાગરિકો દ્વારા લેવામાં આવી રહ્યો છે. મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી ભાવનગરના ગ્રંથપાલશ્રી ડૉ. બટુકભાઇ ગોહીલ, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પબ્લિકેશન ડાયરેક્ટર શ્રી મણીભાઇ પ્રજાપતિએ તેનો વિશેષ લાભ લીધેલ છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિ દ્વારા પાટણ સ્થિત ''હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર''ની મુલાકાત લેવામાં આવી હતી. કુલપતિશ્રીએ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અમૂલ્ય હસ્તપ્રતો સિદ્ધહેમ શબ્દાનુશાસન, કાવ્યપ્રકાશ, દ્વાશ્રય, કલ્પસૂત્ર વગેરેના દર્શન કર્યા હતા. આ પ્રસંગે જૈનમુનિશ્રીઓ, જૈનભંડારના ટ્રસટીશ્રી ધીરૂભાઇ શાહ તેમજ શાસ્ત્રી મહારાજ અને કા. યુનિવર્સિટી લાઇબ્રેરિયન ડૉ. કનકબાળા જાની ઉપસ્થિત રહ્યા હતા.

વધુમાં કુલપતિશ્રીએ પાટણના ભાભાના પાડામાં આવેલ ''ભક્તામરસ્તોત્ર પ્રદર્શન''નો પણ લાભ લીધો હતો અને આ સંદર્ભે જૈન મુનિભંગવંતો સાથે ચર્ચા વિચારણા પણ કરી હતી.

## ગાંધીજયંતી

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના અનુસ્નાતક વિભાગ ભાષા ભવન ખાતે ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી નિમિત્તે ''વર્તમાન પરિપ્રેક્ષ્યમાં ગાંધીજીના સ્વચ્છતા અંગેના વિચારો'' વિષય પર નિબંધ સ્પર્ધા અને પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## મહિલા સશક્તિકરણ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કેશ (CASH) કમિટી દ્વારા ''કાનુની જાગૃતિ અને મહિલા સશક્તિકરણ'' વિષય પર એકદિવસ સેમીનાર તા. ૪-૧૨-૨૦૧૮નાં રોજ માન. કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને આયોજીત કરવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી લીલાબેન અંકોલિયા, મહિલા આયોગ, ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં મહિલાઓ તેમજ વિદ્યાર્થીઓ મહિલા આયોગની કામગીરીથી વાકેફ થાય તેમજ કાયદાનું જ્ઞાન પ્રાપ્ત થાય, મહિલાઓની સાથે થતા અન્યાય, જાતિય સતામણી, દુષ્કર્મ, અપહરણ વગેરે બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી.

# કોલેજ ન્યુઝ

## એન.એસ.એસ.

❊ શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા એન.એસ.એસ.નો વાર્ષિક કેમ્પ દરમ્યાન સોનેરીપુરા ખાતે રાખવામાં આવેલ હતો.

❊ શેઠશ્રી બી.સી. શાહ આર્ટ્સ કોલેજ, વડાલીમાં એન.એસ.એસ. દ્વારા એન.એસ.એસ.–ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એન.એસ.એસ.નાં સ્વયંસેવકોએ નૃત્ય, સમૂહનૃત્ય, ગીત, લોકગીત, માતૃભાષા પર વક્તવ્ય વગેરે જેવી પ્રવૃત્તિઓ હાથ ધરી હતી.

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વડનગરના એન.એસ.એસ. વિભાગનાં રબારી રાજેશ હરજીભાઈ અને ચાવડા મિત્તલ રમેશભાઈની પસંદગી નેશનલ ઈન્ટિગ્રેશન કેમ્પમાં કરવામાં આવી છે.

## ગાંધીજયંતી

❊ શેઠ શ્રી બી.સી. શાહ આર્ટ્સ કોલેજ, વડાલી દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગાંધીજીના જીવનનાં વિવિધ પાસાઓને ઉજાગર કરવામાં આવ્યા હતા.

❊ લક્ષ્મી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એસ.ટી.ટી. કોલેજ, વિસનગરમાં પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીના ભાગરૂપે સર્વધર્મ પ્રાર્થના, વૈષ્ણવજન ગીતનું સમૂહ ગાન અને ગાંધીજીના જીવન આધારિત વ્યક્તવ્યો અને ગીતોનું ગાન કરવામાં આવ્યું હતું.

❊ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝામાં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી પ્રસંગે કેમ્પસ સફાઈ, પુસ્તક પ્રદર્શન અને ગાંધી જીવન પર આધારિત ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

❊ સાબર ગ્રામ સેવા મહાવિદ્યાલય સોનાસણમાં મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જયંતીની પ્રસંગે ક્વિઝ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

❊ ધી કે.એન.એસ.બી.એલ. આર્ટ્સ એન્ડ કોમર્સ, ખેરાલુંમાં ૧૫૦મી ગાંધી જન્મજયંતી જેમાં પ્રભાતફેરી, સર્વધર્મ પ્રાર્થના, ગાંધીજીનાં પ્રિય ભજનો, ગાંધી વિચાર–વાંચન, યોગ અને કોલેજ કેમ્પસ સફાઈ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

❊ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુર દ્વારા ગાંધી જયંતીની ઉજવણી સર્વધર્મ પ્રાર્થના, ભજન અને ‘‘ગાંધીબાપુના વિચારોનું સાંપ્રત સમયમાં મહત્ત્વ’’એ વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.

❊ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં ગાંધી જયંતીની ઉજવણીમાં કેમ્પસ સફાઈ, ગાંધીજીના પ્રિય ભજનોનું ગાન તેમજ ગાંધીજીના વિચારો અને તેના જીવન વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

❊ સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક એજ્યુકેશન કોલેજ, મહેસાણામાં ગાંધીજયંતીની ઉજવણીમાં સૂત્રોચ્ચાર સાથે રેલીનું આયોજન, મહાસફાઈ અને મહાત્મા ગાંધીને યાદ કરતાં ગીતો, ભજનો, વક્તવ્યો રજુ કરવામાં આવ્યા હતાં. ભૂતપૂર્વ તાલીમાર્થી સંમેલન કાર્યક્રમનું આયોજન ભૂતપૂર્વ પ્રશિક્ષણાર્થીઓએ મેળવેલ સિદ્ધિઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

❊ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુર દ્વારા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે કોલેજમાં સ્વચ્છતા અભિયાન કરવામાં આવ્યું હતું.

❊ ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં ૧૫૦મી ગાંધીજયંતિ પર્વની ઉજવણી પ્રસંગે ગાંધીજીના જીવન વિષયક ‘સત્યના પ્રયોગો’ વિશે વ્યાખ્યાન અને ગાંધી વિષયક ડોક્યુમેન્ટરી ફિલ્મ–શોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

❊ મહિલા આર્ટ્સ–કોમર્સ કોલેજ, ઊંઝામાં ગાંધીજયંતી નિમિત્તે ગાંધીજી વિશે ક્વીઝ સ્પર્ધા, પ્લાસ્ટીક પ્રદુષણ અને નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્લાસ્ટીકના વપરાશની થતી સમસ્યાઓ જેવી કે પ્રદુષણ, જમીનની ફળદ્રુપતા ઘટે, ગટરોના પ્રશ્નો વગેરે બાબતો અંગેની માહિતી આપી હતી.

❊ આર્ટ્સ કોલેજ, સતલાસણામાં ગાંધીજયંતી પ્રસંગે ગાંધીજીના જીવનપથ આધારિત ક્વિઝ સ્પર્ધા, ગાંધીજીને પ્રિય એવાં ગીતોની સ્પર્ધા તથા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

## તાલીમ

❊ શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજ પાટણમાં ‘‘ઈફિક્ટીવ પબ્લિક સ્પીકીંગ’’ વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

❊ શ્રીમતી આર.એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણામાં એક દિવસીય રાષ્ટ્રીય સેમિનાર ભારતમાં ગ્રામીણ વિકાસ : પ્રશ્નો અને પડકારો વિષય ઉપર આયોજીત કરવામાં આવ્યો હતો. આ સેમીનારમાં ગ્રામીણ વિકાસના સંદર્ભમાં જ્ઞાતિ, ધર્મ, વર્ણ, ગ્રામીણ કામનું સ્વરૂપ–વૈવિધ્યતા વગેરે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ભારતીય નાટ્ય–સાહિત્ય વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય આ સેમિનારમાં ચાર આધુનિક નાટ્યકારો ભારતીયતાની ખોજમાં વિષય પર શ્રી મહેશ ચંપકલાલે વક્તવ્ય આપીને પોતાના વિચારો અભિવ્યક્ત કર્યા હતા. રામાયણ, મહાભારત અને નાટકો વિષય પર વિજય પંડ્યાએ વક્તવ્ય આપ્યું હતું. નાટકમાં સંઘર્ષનું તત્વ પર ગિરીશ ઠાકરે વ્યાખ્યાન આપ્યું હતું. સતીશ વ્યાસે નાટકમાં સમાજ દર્શન વિશે નવા વિચારો રજૂ કર્યા હતા. જૂની ગુજરાતી રંગભૂમિના નાટકો વિશે ધ્વનિલ પારેખે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

❊ શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, ઊંઝામાં પ્રશિક્ષણાર્થી વિકાસ વર્ગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અગ્નિહોત્ર, યોગસત્ર, વિપશ્યના, હિન્દુ જીવનશૈલી અને શિક્ષણ, પ્રાચીન શિક્ષણ જેવા વિષયોના સૂત્રો વિશે ડૉ. સંજયભાઈ ભગતવાલા, સુનિલભાઈ યાદવ, પ્રિ. સુભાષભાઈ વણકર, પ્રિ.અમરીશભાઈ પરીખ દ્વારા વક્તવ્યો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે શ્રી નિતીનભાઈ પેથાણી અને મહેસાણા જિલ્લાના કલેક્ટરશ્રી એચ.કે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વક્તવ્યમાં ઝડપથી આગળ વધી રહેલા અને સતત પરિવર્તન પામી રહેલા સમાજ અને ઉદ્યોગ જગત માટે વર્તમાન અને ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરની કેળવણીથી સજ્જ થવા માર્ગદર્શન આપ્યું હતું.

## પીએચ.ડી.

શ્રીમતી પી.આર. પટેલ આર્ટ્સ કોલેજ, પલાસરમાં લાયબ્રેરિયન તરીકે ફરજ બજાવતા શ્રી જસવંતભાઈ એ. નાયકે ગણપત યુનિવર્સિટી, ખેરવા–મહેસાણાની ફાર્મસી કોલેજના લાયબ્રેરિયન શ્રી પ્રવિણકુમાર આઈ. પટેલના માર્ગદર્શન હેઠળ લાયબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સ ડિપાર્ટમેન્ટમાં ‘‘યુઝર્સ સ્ટડી ઓફ નોર્થ ગુજરાત રિજીયન ગવર્નમેન્ટ ડિસ્ટ્રીક લાયબ્રેરી’’ વિષય પર મહાશોધ નિબંધ તૈયાર કરતાં રાય યુનિવર્સિટી, સરોડા–અમદાવાદે માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરેલ છે.

## ભરતી મેળો

જિલ્લા રોજગાર કચેરી, હિંમતનગર તથા શેઠશ્રી બી.સી. શાહ આર્ટ્સ કોલેજ, વડાલીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦–૧૧–૨૦૧૮ના રોજ કોલેજમાં રોજગાર/એપ્રેન્ટીસ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભરતીમેળામાં કુલ સાત કંપનીના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહીને કુલ ૧૫૩ રોજગારવાંચ્છુઓને રોજગાર માટેની તકો પૂરી પાડી હતી.

## મહિલા સશક્તિકરણ

ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજના વુમન સેલ દ્વારા સ્ત્રીસશક્તિકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તા તરીકે વાયબ્રન્ટ ગુજરાતમાંથી ઝંખનાબેન ત્રિવેદી ઉપસ્થિત રહ્યાં હતાં.

## રમતગમત

❊ ખેરાલુ કોલેજના એનસીસીના સર્વ કેડેટસે ને સી.એ.ટી.સી. કેમ્પમાં અમદાવાદ તાલીમ અર્થે મોકલવામાં આવ્યા હતાં. આ તાલીમ કેમ્પમાં રમાડવામાં આવેલ વોલીબોલ, કબડ્ડી, ખોખો જેવી વિવિધ રમતોમાં અને વિવિધ પ્રવૃત્તિઓમાં સન્માનીય સ્થાન મેળવેલ છે.

❊ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે કબડ્ડી ભાઈઓ સ્પર્ધામાં ખેરાલુ કોલેજ ટીમ તૃતીય નંબર મેળવી ખેરાલુ કોલેજ અને કેમ્પસનું ગૌરવ વધાર્યું છે.

❊ શ્રી બી.સી. શાહ આર્ટ્સ કોલેજ દ્વારા થામણા મુકામે યોજાયેલ CATC NCC કેમ્પમાં કોલેજના NCC CADETS ચૌહાણ ચેતનસિંહ જગતસિંહ અને ચૌહાણ અંકિતસિંહ દેવુસિંહે કેમ્પમાં શ્રેષ્ઠ દેખાવ કરી ગાર્ડ ઓફ રેન્જ વિભાગમાં સમાવેશ થયેલ છે.

❊ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ આંતર કોલેજ કુસ્તી ભાઈઓ–બહેનોની સ્પર્ધા યુનિવર્સિટી, પી.જી. ભવન દ્વારા જીમખાના પાટણના યજમાન પદે તા. ૨૯–૯–૧૮ના રોજ યોજાઈ હતી. તેમાં કુલ ૪૦ પોઈન્ટ સાથે શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ પાટણની ભાઈઓની ટીમ ચેમ્પિયન થયેલ હતી. તેમજ ૦૯ પોઈન્ટ સાથે શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ પાટણની બહેનોની ટીમ રર્નસઅપ થયેલ હતી.

❊ બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝામાં રોટરી કલબ, ઊંઝા દ્વારા બુધ્ધિકસોટી–૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઊંઝા તાલુકાની સ્કૂલ કોલેજોના ૮૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ પરીક્ષામાં ભાગ લીધો હતો.

❊ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ આંતર કોલેજ વેઈટલીફટીંગ/બોડીબિલ્ડીંગ/પાવરલીફટીંગ ભાઈઓની સ્પર્ધા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પી.જી. ભવન દ્વારા જીમખાના પાટણના યજમાન પદે યોજાઈ હતી. શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ પાટણની ભાઈઓની ટીમ ચેમ્પિયન થયેલ હતી. જેમાં વેઈટલીફટીંગમાં ૫૬ કિ.ગ્રા. ઠાકોર ચતરસંગ જે. પ્રથમ નંબર, પાવરલીફટીંગ ભાઈઓમાં ૬૫ કિ.ગ્રા. રાઠોર આશુ આર. પ્રથમ નંબરે, બોડીબિલ્ડીંગ ભાઈઓમાં ૬૬ કિ.ગ્રા. રાઠોર આશુ આર. પ્રથમ નંબરે અને બોડી બિલ્ડીંગ ભાઈઓમાં ૬૦ કિ.ગ્રા ચૌધરી અરવિંદ સી. બીજા નંબરે રહેલ છે.

## વ્યાખ્યાન

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુમાં ‘‘મૂલ્યનિષ્ઠ શિક્ષણ’’ વિષય પર વડનગર કોલેજના અંગ્રેજી વિષયના વિદ્વાન પ્રોફેસર રણજીતસિંહ રાઠોડ દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. જેમાં આજના આધુનિક ઉપકરણો તથા જીવનના મૂલ્યોનો સમન્વય કઈ રીતે કરી શકાય કે જેનાથી જીવન ઉત્તમોત્તમ બની રહે તે વિશે રસપૂર્વક માહિતી આપી હતી.

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગરના ઈતિહાસ વિભાગ દ્વારા ‘‘ઈતિહાસનો સ્ત્રોતઃ સંસ્કૃત વાઙ્મય’’ વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તા તરીકે પ્રિ. ડૉ. દિલખુશભાઈ યુ. પટેલે પ્રાચીન ભારતીય સંસ્કૃત સાહિત્યની ઈતિહાસના સ્ત્રોત તરીકેની ઉપયોગીતા તથા સમકાલીન સંસ્કૃત સાહિત્યમાં થતાં સતત સંશોધનો, લેખન પ્રવૃત્તિઓ અને તે દ્વારા ઈતિહાસમાં ઉમેરાતા નવા સંશોધનો તથ્યોની જાણકારી આપી હતી.

❊ શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, ઊંઝામાં પૂર્વછાત્ર સંમેલનનું આયોજન થયું હતું. જેમાં મહાવિદ્યાલયની શરૂઆતના વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૮ સુધીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પૂર્વ છાત્ર સંમેલનમાં સમારંભના અધ્યક્ષ તરીકે ઊંઝા તાલુકાના પૂર્વધારાસભ્ય મા. શ્રી નારાયણભાઈ એલ. પટેલ આ સમારંભના મુખ્ય મહેમાન તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કુલપતિશ્રી પ્રો.બી.એ. પ્રજાપતિ તથા રાઘવજી માધડ (રીડર, જી.સી.ઈ.આર.ટી.) ઉપસ્થિત રહ્યા હતા. વિશિષ્ટ સિધ્ધિ બદલ પૂર્વછાત્રો અને મહાવિદ્યાલયના પૂર્વ સ્ટાફનું સન્માન કુલપતિશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધનસુરા ખાતે આઈ.ક્યુ.એ.સી.ના ઉપક્રમે એક દિવસીય ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રો.મધુકાન્ત મેકવાન દ્વારા વેબસાઈટ ક્રિએશન, એડીટીંગ તથા અપલોડીંગ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

❊ મહિલા આર્ટ્સ કોલેજ વિદ્યાનગરી, હિંમતનગર દ્વારા જ્ઞાનસત્ર ૨૦૧૮–૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તાશ્રીએ મારું જીવન એજ કર્તવ્ય, જીવન વિકાસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

❊ આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વડગામમાં બનાસકાંઠા વિદ્યાર્થી સંગઠન અને ગુરુકૃપા સેવા ટ્રસ્ટ દ્વારા ‘ટ્રાફિક નિયમન’નો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વડગામ તાલુકા પી.એસ.આઈ. શ્રી દેસાઈ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ‘ટ્રાફિક નિયમન’ વિષયક વક્તવ્યો અને એક ફિલ્મ કોલેજના વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

## શિબિર

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુમાં શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને વસંતપુરી ગોસ્વામી, રોનકપુરી ગોસ્વામીએ અભિનય કલા, આંગિક, વાચિક અભિનય વિશે માહિતી આપી હતી. જ્યારે સંગીત તાલીમ શિબિરમાં શ્રી હીરેન બારોટ તથા અજીત નાયકે તાલીમમાં ગીત, ગઝલ, લોકગીતની ગાયકી તેના લય, તાલ, વિશે માહિતી પૂરી પાડી હતી.

## શૈક્ષણિક પ્રવાસ

❊ વડનગર કોલેજ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ દૂધસાગર ડેરી મહેસાણા બહુચરાજી મંદિર, મોઢેરા સૂર્યમંદિર, પાટણમાં સહસ્રલિંગ તળાવ, રાણીની વાવ, સિધ્ધપુર નવિન સ્મશાનભૂમી વગેરેની મુલાકાત લીધી હતી.

❊ આર્ટ્સ કોલેજ, પલાસરનો શૈક્ષણિક પ્રવાસ અમદાવાદ મુકામે યોજાયો. જેમાં ૧૦૫ વિદ્યાર્થી ભાઈ–બહેનોએ ભાગ લીધો. જેમાં મહાત્મા ગાંધી આશ્રમ, કાંકરીયા, રીવરફ્રન્ટ, અદાલજની વાવ, વૈષ્ણવ મંદિર જેવા સ્થળો નિહાળી ઐતિહાસિક માહિતી હતી.

## સરદાર જયંતી

❊ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે ‘‘રાષ્ટ્રીય એક્તા દિવસ’’ની ઉજવણી કરવામાં આવી હતી.

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગરમાં ભારતીય રાષ્ટ્રીય અખંડિતતાના સર્જક લોહપુરુષ સરદાર પટેલની જન્મજયંતી નિમિત્તે ‘રાષ્ટ્રીય એક્તા શપથ’ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

❊ ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની ઉજવણી કરવામાં આવી હતી.

## સાહિત્યગોષ્ઠિ

❊ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે સંસ્કૃત અને ભારતીય વિદ્યા અનુસ્નાતક વિભાગ દ્વારા એક દિવસીય ‘‘રાષ્ટ્રીય સંસ્કૃત સંગોષ્ઠી’’ કાર્યક્રમ તા. ૩–૧૨–૨૦૧૮નાં રોજ આયોજીત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અધ્યક્ષ સ્થાને શ્રી ગિરીશભાઈ ઠાકર ઉપસ્થિત રહ્યા હતાં.

❊ એમ.એ. પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજ તથા જી.ડી. મોદી કોલેજ ઓફ આર્ટ્સ કોલેજ દ્વારા તા. ૧૪–૯–૧૮ના રોજ ‘‘રાષ્ટ્રીય હિન્દી દિવસની’’ ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. અરૂણ શર્મા દ્વારા ‘‘રાષ્ટ્રભાષા હિન્દી’’ ઉપર વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

❊ ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં ‘હિન્દી દિવસ’નું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તા ડૉ. નિયાજ પઠાણે ફણીશ્વરનાથ રેણુ રચિત તીસરી કસમ કહાની પર વ્યાખ્યાન આપ્યું હતું. ઉપરાંત સ્વચ્છતા અભિયાન પણ કરવામાં આવ્યું હતું. એચ.પી.સી.એલ. પેટ્રોલ પંપો પર સ્વચ્છતા અંગેના શેરી નાટક ભજવીને નાગરિકોમાં સ્વચ્છતા અંગે જાગીત લાવવા પ્રયાસ કરાયો હતો. જે અંતર્ગત ગંદકી દૂર કરવા તથા પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાનો સંદેશ અપાયો હતો.

## સાંસ્કૃતિક પ્રવૃત્તિ

❊ શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ, કોલેજમાં ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ કોસ્ચુમ અને શ્રેષ્ઠ રાસ ગરબા રમનારમાં પ્રજાપતિ ભરત નાયક યસ્વી વિજેતા બન્યા હતાં.

❊ શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણામાં રાસગરબા કાર્યક્રમ તેમજ વિશ્વ ફાર્મસી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રંગોલી સ્પર્ધા અને પોસ્ટર પ્રેઝન્ટેશન તેમજ ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ (જીએસપીસી), અમદાવાદ દ્વારા અનુદાનિત બે–દિવસીય ‘‘ફાર્માસીસ્ટ રીફ્રેશર કોર્ષ’’નું આયોજન કરવામાં આવ્યું હતું.

❊ શ્રી યુ.એચ.ચૌધરી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વડગામમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

❊ ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ, કોલેજ, ખેડબ્રહ્મામાં ગરબા–સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાઈઓમાં પ્રથમ ક્રમે નાઈ મહિપાલ, દ્વિતીય ક્રમે ધ્રાંગી કરણ તથા તૃતીય ક્રમે પંચાલ સુનિલ અને બહેનોમાં અનુક્રમે પરમાર નૈનાબેન, રબારી શિલ્પાબેન તથા રબારી દયાબેન વિજેતાં બન્યાં હતાં.

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુમાં વિકાસવર્તુળ ટ્રસ્ટ ભાવનગર દ્વારા આયોજીત જી.કે.આઈ.ક્યુ. ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૮૨ વિદ્યાર્થી ભાઈ–બહેનોએ આ જનરલ નોલેજ ટેસ્ટમાં ભાગ લીધો હતો.

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વડનગરમાં તા. ૧૮–૯–૨૦૧૮ના રોજ રસોઈ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે ઠાકોર રાકેશજી વી. અને પટેલ ઋત્વી ડી. બીજા ક્રમે રાવલ ખુશાલી આર. અને પટેલ ઉર્વી અને રબારી ડીમ્પલ ત્રીજા ક્રમે પંડ્યા નિકીતા અને તૂરી ઉર્મિલા વિજેતા રહ્યા હતા. ગીત સ્પર્ધામાં પ્રથમ ક્રમે કૌશિક, દ્વિતીય ક્રમે ઠાકોર પાયલ અને તૃતીય ક્રમ જાદવ અક્ષયે મેળવ્યું હતું. વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબર ચૌહાણ દિલીપ આર. આવેલ હતા. જે જિલ્લાકક્ષાએ કોલેજનું પ્રતિનિધિત્વ કરશે.

આ ઉપરાંત રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશભક્તિ, ગણપતિ અને મોર ત્રણ પ્રકારની રંગોળીના વિષય આપવામાં આવ્યા હતાં. દેશભક્તિ રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ ઋત્વી ડી. અને ડાભી અનિતા બી., દ્વિતીય ક્રમે પટેલ ઉર્વી એ. અને રબારી ડીમ્પલ આર., તૃતીય ક્રમે રાવલ સિતલ પી. ગણપતિ રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમે પ્રજાપતિ આરતી આર. અને ચૌધરી જાન્વી આર. દ્વિતીય ક્રમે મોદી ઉર્વી એમ. અને પટેલ સ્નેહા કે., તૃતીય ક્રમે પટેલ ભૂમિ ડી. અને ઠાકોર કોમલ બી. વિજેતા રહ્યા હતા. મોર રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમે ફકીર શેરબાનુ એમ. અને રાવલ દીપિકા આર. દ્વિતીય ક્રમે ઠાકોર જાગૃતિ બી. અને ઠાકોર પાયલ પી., તૃતીય ક્રમે ઠાકોર વર્ષા બી. અને ઠાકોર સીતા ડી. વિજેતા રહ્યા હતાં.

# ગ્રંથદર્શન




**Title** : Major Events in the World : from 1901 upto 2016
**Author** : Shanti Associate
**Publisher** : Shanti Prakasha, Ahmedabad, 2017
**Price** : Rs. 2,38,000/- (40 vol. set)
**ISBN** : 978-93-5070-302-1

માનવમાત્રમાં દૂર સુદૂર વસતા સંબંધીના સમાચાર હોય કે નિકટ રહેલા પાડોશીઓ, જ્ઞાતિબંધુઓ હોય કે વ્યવસાયિક મિત્રો સૌના ક્ષેમકુશળની પૃચ્છા કરવાની આપણી પરંપરા અને સંસ્કાર છે. જીજ્ઞાસાવૃત્તિ પણ તેમાં ખરી. આ સંસ્કાર, પરંપરા અને જિજ્ઞાસાવૃત્તિનો વ્યાપ આટલા પૂરતો મર્યાદિત ન બની રહેતાં દેશ અને દુનિયામાં શું થઇ રહ્યું છે ત્યાં સુધીની વ્યાપકતા ધરાવે છે. સવાર પડેને સમાચારપત્રની રાહ જોતા વાચકો આના પ્રત્યક્ષ ઉદાહરણો છે. વિશ્વમાં રોજબરોજ અનેક સારી-નરસી ઘટનાઓ બને છે. રાજકીય, વૈજ્ઞાનિક, સાંસ્કૃતિક, કુદરતી, રમતગમત, સાહિત્ય વિવિધ વિષયક્ષેત્રને તે આવરી લેતી હોય છે. કેટલીક ઘટનાઓ કાળના પ્રવાહમાં વહી જાય છે, કેટલીક ઘટનાઓ વૈશ્વિક સ્તરે યાદગાર બની રહે છે. તેની પૂણ્યતિથિઓ, જયંતીઓ ઉજવાય છે. દા.ત. બીજા વિશ્વયુદ્ધ વખતે જાપાનના હિરોશિમા અને નાગાસાકી ઉપર થયેલા અણુબોંબના હુમલાએ જે વિનાશકતા વેરી તેને આજે પણ સમગ્ર વિશ્વ યાદ કરે છે.

વિશ્વની ૧૯૦૧થી ૨૦૧૫ સુધી બનેલી પ્રમુખ ઘટનાઓને સદર ગ્રંથોમાં આવરી લેવામાં આવી છે. પ્રત્યેક ઘટનાનું વિગતવાર વર્ણન આપવામાં આવેલું છે. દા.ત. ૧૯૦૧માં મહારાણી વિક્ટોરીયાનું અવસાન થયું હતું. મહારાણી વિક્ટોરીયાનો દબદબો સમગ્ર વિશ્વમાં ભારે હતો. વિશેષ કરીને અંગ્રેજો શાસિત પ્રદેશોમાં. ભારતમાં પણ ખૂબ જ લાંબા સમયગાળા દરમિયાન અંગ્રેજોનું શાસન રહ્યું છે. લોર્ડ કર્ઝન અને મહારાણી વિક્ટોરીયાની છાપ ખૂબ જ કડક શાસક અને રૂઆબદાર માનવીઓ અર્થાત્ Highest Respectable રહ્યો છે. આથી જ પુરુષ કે જે કડક અને રૂઆબદાર હોય ત્યારે "ના જોયો હોય તો મોટો લોર્ડ કર્ઝન" અને સ્ત્રી માટે "જાણે મોટી મહારાણી વિક્ટોરીયા" શબ્દ પ્રયોગ સામાન્ય જનમાનસમાં પણ અભિપ્રેત થઇ ચૂક્યો છે. આ ઘટનાથી સદર ગ્રંથનો ઉઘાડ થઇ રહ્યો છે. વિષય મથાળુ "'Death of Queen Victoria' જેમાં માત્ર મહારાણી વિક્ટોરીયાની મૃત્યુની તવારીખ કે ઘટના જ નહીં પરંતુ તેના સમગ્ર જીવનકાળને ટૂંકમાં છતાં પરિપૂર્ણ રીતે આવરી લેવામાં આવ્યો છે.

આવી જ બીજી ઘટના છે એવોર્ડ જગતમાં વિશ્વસ્તરે સૌથી શ્રેષ્ઠ એવોર્ડ ગણાતો "Noble Prize" વિશેની છે. જે ઘટના ૧૯૦૧ની સૌથી વિરલ ઘટના છે. જે "The first Noble Prize Ceremony" વિષય અંતર્ગત વર્ણવવામાં આવી છે. જેમાં નોબલ પ્રાઇઝ માટે Chemistry, Literature, Peace, Physics, Phisiclogy or Medicine એમ પાંચ વિષયોમાં શ્રેષ્ઠ પ્રદાન કરનાર વિદ્વાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ૧૯૬૮થી તેમાં Economis Science વિષય ઉમેરવામાં આવ્યો હતો.

પ્રત્યેક ઘટનાઓને કાળક્રમાનુસાર લેવામાં આવી છે. દા.ત. રશિયન લેખક Leo Tolstoyનું મૃત્યુ ૧૯૧૦માં થયેલ હતું. આ ઘટનાને "The Event of 1910" વિષયમથાળા હેઠળ આવરી લેવામાં આવી છે. "૧૯૨૦માં Haiyuan Earthquake"ની ઘટનાએ ભયાનક વિનાશ વેર્યો હતો. તેને "The Event of 1920" અંતર્ગત વર્ણવવામાં આવેલ છે.

૧૯૩૯માં સુભાષચંદ્ર બોઝ દ્વારા સ્થાપિત પ્રાદેશિક રાજકીય પાર્ટી All India Forward Bloc (AIFB)ની વિગતો વર્ણવવામાં આવેલી છે. જેમાં પાર્ટીનું ચિહ્ન "A leaping Tiger" લાલ ઝંડામાં છે. આ પાર્ટીની સ્થાપના, તેના કાર્યો, તેના નેતાઓ વિશેની વિગતે માહિતી આપવામાં આવેલી છે.

આમ વિશ્વની વિવિધ ઘટનાઓની માહિતી એક જ સ્થળેથી ઉપલબ્ધ બનાવવામાં આવી છે. કુલ ૪૦ વૉલ્યુમમાં આ વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આજે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન થાય છે. તેમાં એક પેપર General Knowledgeનું ફરજિયાત હોય છે. જેમાં પ્રાયઃ દેશ-દુનિયાની રોજ-બરોજની મહત્ત્વપૂર્ણ ઘટનાઓને લગતા પ્રશ્નો જોવા મળે છે. આથી આ ગ્રંથનું વાંચન વિદ્વાનોને જેટલુ સ્પર્શે છે તેટલું જ પ્રતિયોગીતામાં સફળતા મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપકારક નીવડી શકે છે. શાંતિ સર્વર પ્રકાશન દ્વારા આ ગ્રંથના સંકલન માટે અભિનંદન. સદર ૪૦ વૉલ્યુમનો સેટ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

**ડૉ. કનકબાળા જાની**
**કા. યુનિવર્સિટી લાઇબ્રેરિયન**

## સબરસ

શિક્ષક : એક ગ્લાસમાં કેમિકલ નાખ્યું અને પોતાના ખિસ્સામાંથી સિક્કો નાખી વિદ્યાર્થીઓને પૂછ્યું કે આ સિક્કો ઓગળશે?
વિદ્યાર્થી : નહીં ઓગળે.
શિક્ષક : શાબાશ. તને કેમ ખબર પડી?
વિદ્યાર્થી : જો સિક્કો ઓગળવાનો હોત તો તમે સિક્કો અમારી પાસેથી માંગ્યો હોત.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917, Visit us at : www.ngu.ac.in

Editor : Dr. Kanakbala Jani (I/c University Librarian), Dr. Chanduji Thakor
Published by : Dr. D.M.Patel, I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2020, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.